ગુજરાત સમાચાર, તા.૨૪-૦૫-૨૦૨૩, પાના નં.૦૨

# મેટ્રોના આરંભ સાથે એરપોર્ટથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશનની કનેકટીવીટી મળશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

સુરતમાં હાલ ચાલી રહેલી મેટ્રોની કામગીરીને કારણે સુરતીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે પરંતુ મેટ્રો શરૂ થતાંની સાથે જ એરપોર્ટથી બુલેટ ટ્રેન સુધીની સફર સરળ અને ઝડપી બની જશે.

## સુરત રેલવે અને બસ સ્ટેશનથી પણ મેટ્રોની કનેકટીવીટી રહેશે : સામુહિક પરિવહન સેવા વધુ સુદઢ બનશે

સુરતના રેલવે સ્ટેશન સાથે એમએમટીએચ માટે આયોજન સાથે સાથે સુરતના રેલવે સ્ટેશન પર ટ્રેન માંથી ઉતરેલો મુસાફર શહેરના કોઈ પણ ખુણે જઈ શકે તે માટે સુરત રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશનથી મેટ્રોની કનેક્ટીવીટી સાથે બસની કનેક્ટિવિટી પણ મળે તે માટે આયોજન થઈ રહ્યું છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ અને ૪ પરથી માત્ર ૧૦૦ થી ૧૨૫ મીટરના અંતરે લોકો મેટ્રો પકડી શકશે તેમજ બસ ડેપોથી પણ ૧૦૦ મીટરના એરિયામાં મેટ્રો મળી રહેશે.

આ ઉપરાંત સુરતમાં હાલ મેટ્રો અને સાથે સાથે સુરત નજીકથી પસાર થતી બુલેટ ટ્રેનની કામગીરી પણ ઝડપથી થઈ રહી છે. હાલ મેટ્રોની કામગીરી બે ફેઝમાં થાય છે પરંતુ મેટ્રોના ત્રીજા ફેઝમાં ડ્રીમસીટી થી એરપોર્ટ અને સરથાણાથી બુલેટ ટ્રેનના અંત્રોલી સ્ટેશન સુધી કનેક્ટીવીટી લંબાવાશે. એટલે કે, ભવિષ્યમાં આ રૂટ સાકાર થતા જ લોકોને એરપોર્ટથી સીધા બુલેટ ટ્રેન સુધીની કનેક્ટીવીટી મળશે. અને બુલેટ ટ્રેનના અંત્રોલી સ્ટેશનથી એરપોર્ટ સુધીની કનેક્ટિવિટી મળી રહેશે. આ માટે ડીપીઆર તૈયાર થઈ રહ્યા છે. એટલે કે મેટ્રોને સીધા બુલેટ ટ્રેન સાથે કનેક્ટ કરાશે.

# દેશનું સૌથી ડીપ ૪૩ મીટર ઊંડુ મેટ્રો સ્ટેશન સુરતમાં મસ્કતિ હોસ્પિટલ પાસે બનશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

સુરત માટે નો ડ્રીમ પ્રોજેક્ટ મેટ્રો રેલની સરથાણા થી ડ્રીમ સિટી તથા ભેંસાણ થી સારોલી સુધીના બે રૂટ પર કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામગીરી પુરી થાય અને સુરતમાં મેટ્રોની શરૂઆત સાથે જ સૌથી ઊંડા સ્ટેશનના રેકર્ડ થઈ જશે. હાલ ભારતમાં સૌથી ઉંડુ મેટ્રો સ્ટેશન ૩૮ મીટરનું છે મસ્કતિ રેલ્વે સ્ટેશન ૪૩ મીટર ની ઊંડાઈ પર બનશે.

## હાલમાં ભારતમાં સૌથી ડીપ મેટ્રો સ્ટેશન ૩૮ મીટરનું છે : મસ્કતિ અને લાભેશ્વર ચોક પાસે સ્પ્લીટ પ્રકારના સ્પેશિયલ ડિઝાઈનના પ્લેટફોર્મ બનશે

મ્યુનિ.ની સ્થાયી સમિતિની ટીમે આજે મેટ્રોની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. કામગીરી લીધે લોકોને મુશ્કેલી, ટ્રાફિક સમસ્યાની વિગતો મેળવી જરુરી સૂચના અપાઇ હતી. અધ્યક્ષ પરેશ પટેલે જણાવ્યું હતું કે, સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત બન્ને રૂટમાં ૪૦.૩૫ કિ.મી. પૈકી અંડર ગ્રાઉન્ડ મેટ્રો ટનલનો રૂટ ૬.૪૭ કિમી લંબાઈમાં છે. જેમાં ૬ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન છે. મસ્કતિ હોસ્પિટલ તથા લાભેશ્વર ચોક પાસેના બે અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન હયાત સ્થળે ઓછી પહોળાઇને કારણે સ્પ્લીટ પ્રકારના સ્પેશિયલ ડીઝાઇનના પ્લેટફોર્મ અપડાઉન બનાવવામાં આવશે.

અંડરગ્રાઉન્ડ મેટ્રો રૂટના કુલ બે પેકેજો પૈકી કાપોદ્રા થી રેલવે સ્ટેશન સુધીના રૂટ પર ૩૯.૬૨ ટકા તથા સુરત સ્ટેશનથી ચોકબજાર સુધીના રૂટની ૨૫.૬૪ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

શક્ય તેટલા પીલર્સની પાસે લઇ આવવા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ ના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. જેથી શહેરીજનોને ટ્રાફિકમાં પડતી અડચણો પ્રમાણમાં ઓછી કરી શકાય.

## સરથાણાથી ડ્રીમ સિટી અને ભેંસાણથી સારોલી સુધી બે રૂટ પર કામગીરી પુરજોશમાં

આ ઉપરાંત એલિવેટેડ મેટ્રો રૂટ પર પીલર પાઇલ્સ ની કામગીરી પૂરી થઇ ગઇ છે અને જ્યાં પીલરો ઊભા થઇ ગયા છે, ગર્ડર મોકલવાની કામગીરી બીજા તબક્કામાં થનાર છે તે રૂટ પર હાલ કરાયેલ બેરીકેડ

મેટ્રોને કારણે સુરતીઓ અનેક તકલીફ ભોગવી રહ્યા છે. કોટ વિસ્તાર, રીંગરોડ પર બેરીકેડની આસપાસ રોડ તદ્દન ખરાબ થઇ ગયા છે. તે સમસ્યા દુર કરવા હજુ સૂચના નહી અપાતા લોકોમાં નિરાશા જોવા મળી રહી છે.